સ. મ.પ્રે. ગાં. (એચ)-૫૪૯-૭૦૫-૮-૯૧.

અસલ અંગ્રેજી ઉપરથી ગુજરાતીમાં અનુવાદ

બઢતીનો અભાવ અથવા બઢતીની મર્યાદિત તકોનો પ્રશ્ન હાથ ધરવા માટે ઉચ્ચતર પગાર-ધોરણની યોજના.

ગુજરાત સરકાર

સરકારી ઠરાવ ક્રમાંક એઓપી/૧૦૯૧/૩-એમ.

## નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૧.

### ઠરાવ

બઢતીના અભાવ કે બઢતીની મર્યાદિત તકોને કારણે ઘણા સંવર્ગોમાં સર્જાતી સ્થગિતતાનો પ્રશ્ન હાથ ધરવા માટે સરકારે તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના સમાન નંબરના સરકારી ઠરાવ અન્વયે ઉચ્ચતર પગાર-ધોરણની યોજના જાહેર કરી હતી. પ્રસ્તુત પુરોગામી યોજના રદ કરીને સરકાર ઉચ્ચતર પગાર-ધોરણ મંજૂર કરવા માટે નીચેની યોજના દાખલ કરે છે :—

(૧) જે જગ્યાનો પગાર અથવા પગાર-ધોરણનો મહત્તમ તબક્કો માસિક રૂ. ૩૫૦૦/- કરતાં વધતો ન હોય તેવી તમામ જગ્યાઓને આ યોજના લાગુ પડશે;

(૨) પ્રથમ ઉચ્ચતર પગાર-ધોરણ, જે કર્મચારીએ સંબંધિત પગાર-ધોરણમાં નોકરીમાં નવ વર્ષ પૂરાં કર્યાં હોય તેને મંજૂર કરવાનું રહેશે; પરંતુ ઉક્ત કર્મચારીએ આ અગાઉ બે કરતાં વધુ બઢતીઓ મેળવી હોવી જોઈએ નહિ. સંબંધિત પગાર-ધોરણમાં નવ વર્ષની સેવાની ગણતરી કરવા માટે તે પગાર-ધોરણમાં ઈજાફા માટે ગણાતી તમામ સેવા ધ્યાનમાં લેવાની રહેશે;

(૩) પ્રથમ ઉચ્ચતર પગાર-ધોરણ એટલે તરત પછીની બઢતીની જગ્યાનું પગાર-ધોરણ, પરંતુ જે જગ્યા માટે જુદાં જુદાં પગાર-ધોરણની એકથી વધુ બઢતીની જગ્યાઓ હોય તેવી જગ્યા પરના કર્મચારીઓ માટે, તેમનો પ્રથમ ઉચ્ચતર પગાર-ધોરણનો પગાર, બઢતીની જગ્યાઓમાંની સૌથી નીચલી જગ્યાના પગાર-ધોરણનો પગાર ગણાશે;

પરંતુ વધુમાં, બઢતીનું કોઈ પગાર-ધોરણ ન હોય એવા કેસમાં તેના હાલના પગાર-ધોરણને મળતું આવતું પ્રથમ ઉચ્ચતર પગાર-ધોરણ, આ સરકારી ઠરાવ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબનું રહેશે:

પરંતુ વિશેષમાં, જુદાં જુદાં પગાર ધોરણવાળાં પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં, તે જગ્યાઓનાં ઉચ્ચતર પગાર-ધોરણ, બઢતીના પગાર-ધોરણને બદલે, તેના હાલના પગાર-ધોરણ સાથે મળતું આવતું આ સરકારી ઠરાવ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબનું ઉચ્ચતર પગાર-ધોરણ રહેશે;

(૪) દ્વિતીય ઉચ્ચતર પગાર-ધોરણ, જે કર્મચારીએ સંબંધિત પગાર-ધોરણમાં ૧૮ વર્ષની સેવા પૂરી કરી હોય તેને મંજૂર કરવાનું રહેશે; પરંતુ તે અગાઉ તેણે બે કરતાં વધુ બઢતીઓ/ઉચ્ચતર પગાર-ધોરણ મેળવ્યાં હોવાં જોઈએ નહિ. ઉચ્ચતર પગાર-ધોરણ મેળવ્યા પછી કર્મચારીને તેની નિયમિત બઢતી વાળી જગ્યા પર બઢતી મળે, તો તેને માત્ર એક જ ઉચ્ચતર પગાર-ધોરણ/બઢતી મળેલ છે તેમ ગણાશે;

(૫) દ્વિતીય ઉચ્ચતર પગાર-ધોરણ એટલે પ્રથમ ઉચ્ચતર પગાર-ધોરણને મળતું આવતું બઢતીની જગ્યાનું પગાર-ધોરણ, પરંતુ પ્રથમ ઉચ્ચતર પગાર-ધોરણની જગ્યા માટે જુદાં જુદાં પગાર-ધોરણની એકથી વધુ બઢતીની જગ્યાઓ હોય, તો આવી બઢતીની જગ્યાઓમાંની સૌથી નીચલી જગ્યાના પગાર-ધોરણને દ્વિતીય ઉચ્ચતર પગાર-ધોરણ ગણવામાં આવશે;

પરંતુ વધુમાં, બઢતીનું કોઈ પગાર-ધોરણ ન હોય એવા કેસમાં તેના હાલના પગાર-ધોરણને મળતું આવતું દ્વિતીય ઉચ્ચતર પગાર-ધોરણ આ સરકારી ઠરાવ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબનું રહેશે: પરંતુ વિશેષમાં જુદાં જુદાં, પગાર-ધોરણવાળાં પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં, તે જગ્યાઓનાં ઉચ્ચતર પગાર-ધોરણ બઢતીના પગાર-ધોરણને બદલે તેના હાલના પગાર-ધોરણ સાથે મળતું આવતું, આ સરકારી ઠરાવ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબનું ઉચ્ચતર પગાર-ધોરણ રહેશે.

(૬) તૃતીય ઉચ્ચતર પગાર-ધોરણ જે કર્મચારીએ સંબંધિત પગાર-ધોરણમાં ૨૭ વર્ષની સેવા પૂરી કરી હોય તેને મંજૂર કરવાનું રહેશે, પરંતુ તે અગાઉ તેણે બે કરતાં વધુ બઢતીઓ/ઉચ્ચતર પગાર-ધોરણ મેળવ્યા હોવાં જોઈએ નહિ. ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યા પછી કર્મચારીને તેની નિયમિત બઢતીવાળી જગ્યા પર બઢતી મળે, તો તેને માત્ર એક જ ઉચ્ચતર પગાર-ધોરણ/બઢતી મળેલ છે તેમ ગણાશે.

(૭) તૃતીય ઉચ્ચતર પગાર-ધોરણ એટલે દ્વિતીય ઉચ્ચતર પગાર-ધોરણને મળતું આવતું બઢતીની જગ્યાનું પગાર-ધોરણ; પરંતુ દ્વિતીય ઉચ્ચતર પગાર-ધોરણની જગ્યા માટે જુદાં જુદાં પગાર-ધોરણની એકથી વધુ બઢતીની જગ્યાઓ હોય, તો આવી બઢતીની જગ્યાઓમાંની સૌથી નીચલી જગ્યાના પગાર-ધોરણને તૃતીય ઉચ્ચતર પગાર-ધોરણ ગણવામાં આવશે :

પરંતુ વધુમાં, બઢતીનું કોઈ પગાર-ધોરણ ન હોય એવા કેસમાં તેના હાલના પગાર-ધોરણને મળતું આવતું તૃતીય ઉચ્ચતર પગાર-ધોરણ આ સરકારી ઠરાવ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબનું રહેશે।

પરંતુ વિશેષમાં, જુદાં જુદાં પગાર-ધોરણવાળાં પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં તે જગ્યાઓનાં ઉચ્ચતર પગાર-ધોરણ બઢતીના પગાર-ધોરણને બદલે તેના હાલના પગાર-ધોરણ સાથે મળતું આવતું, આ સરકારી ઠરાવ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબનું ઉચ્ચતર પગાર-ધોરણ રહેશે.

(૮) આ યોજના હેઠળ મળવાપાત્ર ઊંચામાં ઊંચું પગાર-ધોરણ રૂ. ૨૫૦૦-૪૨૦૦ના પગાર-ધોરણથી વધશે નહિ. આ પગાર-ધોરણ રૂ. ૨૦૦૦-૩૫૦૦ના પગાર-ધોરણવાળી જગ્યાઓ જેનું બઢતીની જગ્યાનું પગાર-ધોરણ રૂ. ૨૫૦૦-૪૨૦૦ કે એથી વધુ હોય એને મળવાપાત્ર થશે: બઢતીની જગ્યાનું પગાર-ધોરણ રૂ. ૨૨૦૦-૪૨૦૦ અથવા રૂ. ૨૨૦૦-૪૦૦૦નું હોય તો ઉચ્ચતર પગાર-ધોરણ યથાપ્રસંગ, રૂ. ૨૨૦૦-૪૨૦૦ અથવા રૂ. ૨૨૦૦-૪૦૦૦ રહેશે. રૂ. ૨૦૦૦-૩૫૦૦ના પગાર-ધોરણવાળી જગ્યાઓના કેસમાં જો કોઈ બઢતીની જગ્યા ન હોય, તો રૂ. ૨૨૦૦-૪૦૦૦ના પગાર-ધોરણને ઉચ્ચતર પગાર-ધોરણ ગણવાનું રહેશે.

(૯) ઉચ્ચતર પગાર-ધોરણવાળી જગ્યા પર નિમણૂક કરનાર સત્તાધિકારી, પાત્ર કર્મચારીઓને ઉચ્ચતર પગાર-ધોરણ મંજૂર કરવા સક્ષમ ગણાશે, પરંતુ કર્મચારી તેની એકંદર કામગીરી, લાયકાતો અને નિયત પરીક્ષાઓ જ્યાં નિયત થયેલ હોય તો પાસ કર્યેથી બઢતી પમેળવવા પાત્ર થતો હોવો જોઈએ. ઉચ્ચતર પગાર-ધોરણ મંજૂર કરતી વખતે પ્રવર્તમાન તપાસ પ્રક્રિયા/પસંદગી કાર્યપધ્ધતિ લાગુ પડશે.

(૧૦) આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર-ધોરણનો લાભ મેળવનાર દરેક કર્મચારીએ આ સરકારી ઠરાવ સાથે સંલગ્ન જોડાણ-૧ અનુસાર લિખિત બાંયધરી આપવાની રહેશે કે, જેમ અને જ્યારે તેને નિયમિત બઢતી મળવાપાત્ર થશે ત્યારે તેનો તે અસ્વીકાર કરશે નહિ. આનું કારણ એ છે કે આ યોજનાનો આશય જેમને ૯/૧૮/૨૭ વર્ષના સમયગાળા બાદ પગાર-ધોરણની સ્થગિતતા આવી જતી હોય તેમને લાભ આપવાનો છે અને જેમણે કોઈપણ કારણસર બઢતી જતી કરી છે તેમને આ યોજનાનો લાભ આપી શકાય નહિ. બાંયધરીમાં એ બાબતનો પણ ઉલ્લેખ કરવો જોઈએ કે જ્યારે તેમને બઢતી મળવાપાત્ર થાય ત્યારે તે તેનો કોઈપણ કારણસર અસ્વીકાર કરશે, તો આ યોજના હેઠળનો લાભ તેણે જતો કરવો પડશે અને તેને તેના મૂળ નીચલા પગાર-ધોરણમાં પાછો હઠાવવામાં આવશે તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર-ધોરણનો લાભ મળેલ ન હોત તો તેને મૂળ નીચલા પગાર-ધોરણમાં જે પગાર મળતો હોય તે પગાર તે મેળવશે. આમ છતાં, મૂળ પગાર-ધોરણમાં પાછા હઠાવવાના કારણે કર્મચારીએ જેટલા સમયગાળા માટે ઉચ્ચતર પગાર-ધોરણમાં પગાર અને ભથ્થાં મેળવ્યાં હોય તે સમયગાળા માટેની વસૂલાત કરવામાં આવશે નહિ.

(૧૧) ઉચ્ચતર પગાર-ધોરણમાંની નિમણૂક, આથી નિમણૂકના સમયગાળા દરમિયાન પ્રવર્તમાન જગ્યાની સામે તેને યથાપ્રસંગ ઉચ્ચતર પગાર-ધોરણની જગ્યા ગણીને કરવામાં આવશે. આથી દરેક કક્ષાની મંજૂર થયેલ જગ્યાના સંખ્યાબળમાં, તે કક્ષામાં ઉચ્ચતર પગાર-ધોરણવાળી જગ્યા સામેની નિમણૂકને પરિણામે કદી વધારો કરી શકાશે નહિ. ઉદાહરણ તરીકે જુનિયર કારકુનોના મંજૂર થયેલ સંવર્ગનું સંખ્યાબળ દશ છે અને સિનિયર કારકુનોના મંજૂર થયેલ સંવર્ગનું સંખ્યાબળ પાંચ છે. આ દશ જુનિયર કારકુનો પૈકી આઠ જુનિયર કારકુનોએ નવ વર્ષ પૂરાં કર્યાં હોય અને તેઓ બઢતીપાત્રતાની બધી શરતો પૂરી કરતા હોય, તો આ આઠ જુનિયર કારકુનોને ઉચ્ચતર પગાર-ધોરણ આપી શકાશે. આ આઠ જુનિયર કારકુનોને ઉચ્ચતર પગાર-ધોરણ મંજૂર કર્યા પછી તેઓને તે સંવર્ગમાં ગણવાનું ચાલુ રહેશે અને તેઓ જુનિયર કારકુનની ફરજો બજાવશે. આમ જુનિયર કે સિનિયર કારકુનોના સંવર્ગમાંના કર્મચારીવર્ગમાં કોઈ વધારો થતો નથી.

(૧૨) આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર-ધોરણમાં નિમણૂંક થયેથી કર્મચારીની પગાર બાંધણી બઢતી વખતે કરવામાં આવે છે તે જ રીતે મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ ૪૧ (ક) અનુસાર કરવાની રહેશે.

(૧૩) જે કર્મચારી ઉચ્ચતર પગાર–ધોરણ મેળવ્યા પછી નિયમિત બઢતી મેળવે તો તે મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ ૪૧ (ક) હેઠળ પગાર–બાંધણીનો લાભ મેળવી શકશે નહિ.

(૧૪) આ યોજના દાખલ થતાં અમુક જગ્યાઓની બાબતમાં ૧૭ વર્ષની નોકરી પછી સિનિયર પગાર–ધોરણ આપવાની હાલની યોજના બંધ થયેલી ગણાશે. સિનિયર પગાર–ધોરણ મેળવી ચૂકેલ વ્યક્તિઓ ઉપર (૪), (૬) અને (૯)માં દર્શાવેલી શરતો પૂરી કરે તો તેઓ તે પછીનું ઉચ્ચતર પગારધોરણ મેળવવા હકદાર બનશે.

(૧૫) સિનિયર પગાર–ધોરણનો લાભ મેળવી ચૂકેલ કર્મચારીઓ ઈચ્છે તો સિનિયર પગાર–ધોરણ ચાલુ રાખવાનો અથવા આ યોજના સ્વીકારવાનો વિકલ્પ આપી શકશે. જો તેઓ આ યોજનામાં જોડાવાનો વિકલ્પ આપે તો તેમણે જાણે કે સિનિયર–પગાર–ધોરણનો લાભ લીધો જ ન હોય એ રીતે પગાર–બાંધણી કરવામાં આવશે. પગાર અને ભથ્થાંનાં તફાવતની રકમ જો કંઈ નીકળતી હોય, તો તે આ યોજના હેઠળ મળવાપાત્ર થતા લાભ સામે સરભર કરવાની રહેશે.

વિકલ્પ, આ સરકારી ઠરાવ સાથેના જોડાણ–૨ મુજબના નમૂનામાં લિખિત સ્વરૂપે આપીને, આ સરકારી ઠરાવ બહાર પડયાની તારીખથી ત્રણ માસમાં નીચે યથાપ્રસંગ (ક) અને (ખ)માં નિર્દિષ્ટ કરેલ યોગ્ય સત્તાધિકારીને જણાવવાનો રહેશે:

(ક) કર્મચારી રાજ્યપત્રિત અધિકારી હોય તો ખાતાના વડાને,

(ખ) કર્મચારી રાજ્યપત્રિત અધિકારી ન હોય તો જેમના તાબામાં તેમને મૂકવામાં આવ્યા હોય તે ખાતાના કે કચેરીના વડાને.

(૧૬) તા. ૧–૬–૮૭ના રોજ નોકરીનાં ૧૮ કે ૨૭ અથવા તેથી વધુ વર્ષ પૂરાં કરવાના પરિણામે આ યોજના હેઠળ જે કર્મચારીને દ્વિતીય કે તૃતીય ઉચ્ચતર પગાર–ધોરણ મંજૂર કરવામાં આવ્યું હોય, તેનો પગાર પ્રથમ ઉચ્ચતર પગાર–ધોરણમાં અને ત્યારપછી ફરી દ્વિતીય પગાર–ધોરણ અથવા અને તે પછી યથાપ્રસંગ ફરી તૃતીય પગાર–ધોરણમાં નિયત કરવાનો રહેશે.

(૧૭) આ યોજના તા. ૧લી જૂન–૧૯૮૭ થી અમલમાં આવશે. આ યોજનાને પરિણામે ૧૭ વર્ષની નોકરી પૂરી કર્યા બાદ સિનિયર પગાર–ધોરણ મંજૂર કરવા બાબતના વિવિધ ખાતાંના હુકમ રદ થશે.

(૧૮) નાણા વિભાગના તા. ૧૯મી જૂન, ૧૯૮૭ના સરકારી ઠરાવ ક્રમાંક ઈસીઆર–૧૦૮૭–૨૪–એમ હેઠળ દાખલ કરાયેલ સ્થગિતતા ઈજાફાની યોજના હવે એવા ફેરફાર સાથે ચાલુ રહે છે કે જે પગાર–ધોરણમાં મહત્તમ પગાર માસિક રૂા. ૬૭૦૦/– કરતાં વધુ ન હોય તે પગાર–ધોરણમાં કામ કરતા કર્મચારીઓને સ્થગિતતા ઈજાફાની યોજના લાગુ પડશે.

(૧૯) આ યોજના રાજ્ય સરકારના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિન-સરકારી શાળાના કર્મચારીઓ અને જેમના ભવિષ્યનિધિના હિસાબ હાલ રાજ્ય સરકાર હસ્તક છે તેવા તમામ કર્મચારીઓને લાગુ પડશે.

આ યોજનાના લાભ પંચાયત કર્મચારીઓ, પ્રાથમિક શાળાના શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ પર અથવા તબદીલ થઈને આવેલા કર્મચારીઓ તથા કામ પૂરતા મહેકમ પરના કર્મચારીઓને યોગ્ય ફેરફાર સાથે આપવામાં આવશે. આ હુકમોને કારણે થનાર ખર્ચ સહાયક અનુદાનની ગણતરીના નિયત ધોરણો મુજબ માન્ય ખર્ચ તરીકે ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. મહિડા,
સરકારના નાયબ સચિવ
નાણા વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

*માનનીય. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મા. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
મા. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના/વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત (૧) ઓડીટ, ગુજરાત, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત (૨) એકાઉન્ટસ એન્ડ એન્ટાઈટલમેન્ટ રાજકોટ.
સીનીયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલશ્રી (એકાઉન્ટસ એન્ડ એન્ટાઈટલમેન્ટ) અ. ઈ. (એ એન્ડ ઈ).
ની કચેરી, અમદાવાદ.
સીનીયર ડેપ્યુટી, એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ), રાજકોટ.
સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે ખાતાના વડાઓ/કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
પગાર અને હિસાબ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
પગાર અને હિસાબ અધિકારીશ્રી (નર્મદા યોજના), ગાંધીનગર/વડોદરા.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે માન્ય કર્મચારી મંડળો/મહામંડળ.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.
પસંદગી ફાઈલ/નાણા વિભાગ, મ શાખા.

---
પત્ર દ્વારા.

## અનુસૂચિ

[ધિાજનાના ફકરા(૩), (૫) અને (૭) જુઓ.]

| ક્રમ નં. | હાલનું પગાર-ધોરણ રૂ. | ઉચ્ચતર પગાર-ધોરણ રૂ. |
|---|---|---|
| ૧. | ૭૫૦-૯૪૦ | ૭૭૫-૧૦૨૫ |
| ૨. | ૭૭૫-૧૦૨૫ | ૮૦૦-૧૧૫૦ |
| ૩. | ૮૦૦-૧૧૫૦ | ૯૫૦-૧૪૦૦ |
| ૪. | ૮૨૫-૧૨૦૦ | ૯૭૫-૧૬૬૦ |
| ૫. | ૯૫૦-૧૪૦૦ | ૧૨૦૦-૧૮૦૦ |
| ૬. | ૯૫૦-૧૫૦૦ | ૧૨૦૦-૨૦૪૦ |
| ૭. | ૯૭૫-૧૬૬૦ | ૧૩૨૦-૨૦૪૦ |
| ૮. | ૧૧૫૦-૧૫૦૦ | ૧૩૨૦-૨૦૪૦ |
| ૯. | ૧૨૦૦-૧૮૦૦ | ૧૩૫૦-૨૨૦૦ |
| ૧૦. | ૧૨૦૦-૨૦૪૦ | ૧૪૦૦-૨૬૦૦ |
| ૧૧. | ૧૩૨૦-૨૦૪૦ | ૧૪૦૦-૨૬૦૦ |
| ૧૨. | ૧૩૫૦-૨૨૦૦ | ૧૬૦૦-૨૬૬૦ |
| ૧૩. | ૧૪૦૦-૨૩૦૦ | ૧૬૪૦-૨૯૦૦ |
| ૧૪. | ૧૪૦૦-૨૬૦૦ | ૧૬૪૦-૨૯૦૦ |
| ૧૫. | ૧૬૦૦-૨૬૬૦ | ૨૦૦૦-૩૨૦૦ |
| ૧૬. | ૧૬૪૦-૨૯૦૦ | ૨૦૦૦-૩૫૦૦ |
| ૧૭. | ૧૭૪૦-૩૦૦૦ | ૨૦૦૦-૩૫૦૦ |
| ૧૮. | ૨૦૦૦-૩૨૦૦ | ૨૨૦૦-૪૦૦૦ |
| ૧૯. | ૨૦૦૦-૩૫૦૦ | ૨૨૦૦-૪૦૦૦ |

## જોડાણ—૧

## બાંયધરીનું ફોર્મ

[જુઓ યોજનાનો ફકરો (૧૦)]

પ્રતિ,

.............................................................

.............................................................

.............................................................

હું ............................................................................ કચેરીમાં ............................................ ખાતે ........................................ તરીકે નોકરી કરું છું.

મેં નાણાં વિભાગના તા. ૫–૭–૯૧ના સરકારી ઠરાવ ક્રમાંક એઓપી ૧૦૯૧/૩/એમ–ની જોગવાઈ વાંચી છે. અને આથી હું તેમાં જણાવેલી શરતો સાથે સંમત થાઉં છું. વધુમાં આથી બાંયધરી આપું છું કે, મને જેમ અને જ્યારે નિયમિત બઢતી મળવાપાત્ર થશે ત્યારે તેનો અસ્વીકાર કરીશ નહિ. મને જ્યારે નિયમિત બઢતી મળવાપાત્ર થાય ત્યારે કોઈ કારણસર તેનો અસ્વીકાર કરું તો હું "ઉચ્ચત્તર પગાર-ધોરણ યોજના" હેઠળ મળતા લાભ જતા કરીશ અને મૂળ નીચલા પગાર-ધોરણનો સ્વીકાર કરીશ તેમજ મને "ઉચ્ચત્તર પગાર-ધોરણ યોજનાનો" લાભ મળ્યો ન હોત તો મને મૂળ નીચલા પગાર-ધોરણમાં જે પગાર મળતો હોત તે પગાર-ધોરણ મળવાપાત્ર થશે.

સ્થળ .............................................                 કર્મચારીની સહી .............................................

તારીખ .............................................                 કર્મચારીનું નામ .............................................

કર્મચારીનો હોદ્દો .............................................

કચેરી .............................................

ખાસ નોંધ :

કોઈપણ ઉમેરો, ફેરફાર, ફેરબદલી કે રદ કરવાની કામગીરી કરી શકાશે નહિ.

પરિશિષ્ટ-૨

## વિકલ્પનું ફોર્મ

[જુઓ યોજનાનો ફકરો (૧૫)]

હું........................................, ...........................કચેરીમાં...........................ખાતે...........................તરીકે નોકરી કરું છું. ...........................વિભાગના તારીખ...........................ના સરકારી ઠરાવ ક્રમાંક...........................હેઠળ મંજૂર કરવામાં આવેલ સિનિયર પગાર-ધોરણ હેઠળ મને તા. ...........................થી અમલમાં આવે તે રીતે સિનિયર પગાર-ધોરણનો લાભ આપવામાં આવ્યો છે. હવે, આથી ઉક્ત સિનિયર પગાર-ધોરણને બદલે હું નાણાં વિભાગના તારીખ ૫--૭--૯૧ના સરકારી ઠરાવ ક્રમાંક એઓપી ૧૦૯૧/૩/એમ, અન્વયે દાખલ કરવામાં આવેલ યોજના હેઠળ તારીખ ૧--૬--૧૯૮૭થી ઉચ્ચતર પગાર-ધોરણ પસંદ કરવાનો વિકલ્પ આપું છું. હું આથી કબૂલ કરું છું કે, મને અગાઉ સિનિયર પગાર-ધોરણ મંજૂર કરવાને કારણે ચૂકવવામાં આવેલ વધારાની રકમ અથવા પગાર અને ભથ્થાંના તફાવતની રકમ જે કોઈ નીકળતી હોય તો તે "ઉચ્ચતર પગાર-ધોરણ યોજના" હેઠળ મળવાપાત્ર થતાં લાભ સામે સરભર કરવાની રહેશે. અથવા વસૂલાત માટે સરકારમાં ચાલતી આવેલી પધ્ધતિ પ્રમાણે રાબેતા મુજબ વસૂલ કરવાની રહેશે.

(૨) આથી, આપવામાં આવેલ આ વિકલ્પ આખરી છે અને હવે પછીની કોઈપણ તારીખે તેમાં ફેરફાર કરી શકાશે નહિ.

સહી........................................

નામ........................................

હોદ્દો........................................

જે કચેરીમાં નોકરી કરતા હોય તે........................................

સ્થળ........................................

તારીખ........................................

મારી સમક્ષ સહી કરી.

સહી........................................

કચેરીના વડા (બિન રાજપત્રિત સરકારી કર્મચારીની બાબતમાં)

સહી........................................

કોઈ બીજા રાજપત્રિત અધિકારી,
(રાજપત્રિત અધિકારીની બાબતમાં)

---

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.